Extra No. 286

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, AUGUST 11, 2025 / SRAVANA 20, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) ::

No: KHD/MAGre-file/450/2025/2350/MAG BRANCH નડીઆદના ચકલાસી ભાગોળથી ફતેપુરા-ઉત્તરસંડાને જોડતા માર્ગ પર નડીઆદ શાખા નહેરની સાં.૧,૦૭,૩૪૦ ફુટ પાસે વી.આર.બી. બ્રીજ આવેલ છે. હાલમાં સદર બ્રિજ જર્જરીત હોઈ, જાહેર સલામતીના હેતુસર બ્રીજ ઉપરથી મોટા અને ભારે માલવાહક વાહન-વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકી સદર ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદનાઓએ તા.૨૧/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં. પીબી / જાહેરનામું/૨૫૫૮/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીઆદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૫/૦૮/૨૦૨૫ થી તા.૧૫/૦૬/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ મોટા અને ભારે માલ વાહક વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

(1) નડીઆદ ચકલાસી ભાગોળ થી ફતેપુરા રોડ નડીઆદ શાખા નહેર વી. આર.બી.સાં.૧,૦૭,૩૪૦ ફુટ બ્રિજ થઈ ફતેપુરા-ઉત્તરસંડા તરફ તમામ મોટા અને ભારે માલ વાહન વ્યવહાર.

(2) નડીઆદ વાણીયાવડ સર્કલ થી જેક એન્ડ ઝીલ સ્કુલ થઈ નડીઆદ શાખા નહેર વી.આર. બી.સાં. ૧,૦૭,૩૪૦ ફુટ બ્રિજ થઈ ફતેપુરા-ઉત્તરસંડા તરફ જતા તમામ મોટા અને ભારે માલ વાહક વાહન વ્યવહાર.

(3) નડીઆદ કોલેજ રોડ કિશન સમોસાના ખાંચા થી નડીઆદ શાખા નહેર વી.આર.બી.સાં. ૧,૦૭,૩૪૦ ફુટ બ્રિજ થઈ ફતેપુરા-ઉત્તરસંડા તરફ જતા તમામ મોટા અને ભારે માલ વાહક વાહન વ્યવહાર.

4) કોલેજ રોડ નડિયાદ શાખા નહેર સર્વિસ રોડ થી વી.આર.બી.સાં. ૧,૦૭,૩૪૦,ફુટ બ્રિજ થઈ ફતેપુરા-ઉત્તરસંડા તરફ જતા તમામ મોટા અને ભારે માલ વાહક વાહન વ્યવહાર.

5) ઉત્તરસંડા-ફતેપુરા તરફથી નડીઆદ શાખા નહેર વી.આર.બી.સાં.૧,૦૭,૩૪૦ ફુટ બ્રિજ થઈ નડીઆદ ચકલાસી ભાગોળ, વાણીયાવડ સર્કલ, કીશન સમોસાનો ખાંચો અને કેનાલ સર્વિસ થી કોલેજ રોડ તરફ જતા તમામ મોટા અને ભારે માલ વાહક વાહન વ્યવહાર

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) નડીઆદ ચકલાસી ભાગોળ થી મહા ગુજરાત સર્કલ થઈ વાણીયાવાડ સર્કલ, કોલેજ રોડ, હનુમાનજી મંદિર, ડી-માર્ટ ચોકડી થઈ ફતેપુરા-ઉત્તરસંડા તરફ જઈ શકાશે.

2) નડીઆદ વાણીયાવાડ સર્કલ, કોલેજ રોડ, હનુમાનજી મંદિર, હી-માર્ટ ચોકડી થઈ ફતેપુરા-ઉત્તરચંડા તરફ જઈ શકાશે.

૩) નડીઆદ કોલેજ રોડ કિશન સમોસાના ખાંચાથી કોલેજ રોડ, હનુમાનજી મંદિર, ડી-માર્ટ ચોકડી થઈ ફતેપુરા - ઉત્તરસંડા તરફ જઈ શકાશે

4) નડીઆદ કોલેજ રોડ કેનાલ હનુમાનજી મંદિર, ડી-માર્ટ ચોકડી થઈ ફતેપુરા-ઉત્તરસંડા તરફ જઈ શકાશે

5) ઉત્તરસંડા - ફતેપુરા તરફથી થી ડી-માર્ટ ચોકડી થઈ હનુમાનજી મંદિર, કોલેજ રોડ, કીશન સમોસાનો ખાંચો, વાણીયવાડ સર્કલ, મહાગુજરાત સર્કલ તથા ચકલાસી ભાગોળ થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ત્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૦૫/૦૮/૨૦૨૫.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) ::

No: KHD/MAG/e-file/450/2025/2070/MAG BRANCH.-ખેડા જિલ્લાના સેવાલીયા ગામ થી પંચમથક જિલ્લાના ટીમ્બા તરફ જતા માર્ગ પર મહીસાગર નદી પર આવેલ બ્રીજના એકસ્પાન્સને જોન્ટ તેમજ બેરીંગનું સમારકામ કરવામાં આવનાર હોય, જે કામગીરી સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય, જેથી સદર બ્રીજનું સમારકામ કરવાના કામે બ્રીજ બંધ રાખી ઉકત બ્રીજ પરના ટ્રાફિકને વૈકલ્પિક માર્ગે ડાઈવર્ટ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓએ તા. ૧૦/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં. સીબી/૧૮૩૭/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા તેઓશ્રીના પત્ર ક્રમાંક: એલઆઈબી/જાહેરનામું/૯૦૭/૨૦૨૫, તા.૧૦/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિગતો રજૂ કરેલ છે. કાર્યપાલક ઈજનેસ્ત્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઇ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૦/૦૭/૨૦૨૫ થી તા.૦૭/૦૯/૨૦૨૫ ક.૨૪-૦૦ ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો પર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1. સેવાલીયા ગામ ત્રણ રસ્તાથી સેવાલીયાએ બસ સ્ટેન્ડ, મહીસાગર નદી રોડ બ્રિજ થઈ ટીમ્બની તરફ જતો તમામ વાહન વ્યવહાર

(B) વાહનોની અવર જવર બંધ થતા તેના ડાયવર્ટ કરવાના વૈકલ્પિક રૂટો:-

1. સેવાલીયા ગામ ત્રણ રસ્તાથી સેવાલીયાઅ બસ સ્ટેનડ, મહીસાગર નદી રોડ બ્રિજ થઈ ટીમ્બા ગામ, ગોધરા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- સેવાલીયા ગામ ત્રણ રસ્તા થી ડાબી બાજુ વળી પાલી ગામ, બાલાસિનોર રોડ તરફ અમદાવાદ-ઈન્દોર હાઈવે થઈ ટીમ્બા ગામ, ગોધરા તરફ આગળ જઈ શકાશે.

શિક્ષા:-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ખેડા માર્ગ અને મકાન વિભાગ (રાજય) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૧૦/૦૭/૨૦૨૫.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

File File No:-KHD/MAG/e-file/450/2025/2071/MAG BRANCH.-નવાગામ બેટાવાડા નિરમાલી સેવવાલિમ ૬/ ૯૦૦ (ભુંગળિયા પાટીયા થી બેટાવાડા પાટિયા વચ્ચે) આવેલ માઈનોર બ્રિજ સ્કાવરીંગના કારણે જર્જરીત થયેલ હોય તથા સરકારશ્રી દ્વારા સદર બ્રીજનું નવીનીકરણ કરવાની કામગીરીની મંજૂરી આપેલ હોય, જેથી નવો બ્રીજ બને ત્યા સુધી સદર બ્રીજ બંધ કરી બ્રીજ પરના વાહનોને અન્ય વૈકલ્પિક માર્ગો પર ડાયર્વેટ કરવા કાર્યપાલક: ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ નાઓએ તા.૦૯/૦૭/૨૦૨૫ ના પત્ર જાન.સીબી/૧૯૬૬/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૦/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૭/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગે વાહન વ્યવહારની અવર જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) કપડવંજ થી નવાગામ, બેટાવાડા થઈ નિરમાલી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

2) નિરમાલી થી બેટાવાડા, નવાગામ થઈ કપડવંજ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1)કપડવંજ થી નવાગામ, બેટાવાડા થઈ નિરમાલી તરફ જતો તમામ વાહન વાહન વ્યવહાર:-

- મોટા વાહનો-કપડવંજ થી કલાજીના મુવાડા, વ્યાસવાસણા, ઝંડા, નાનીઝેર, મોટીઝેર, આબવેલ થઈ નિરમાલી તરફ જઈ શકાશે.
- મોટા વાહનો- કપડવંજ થી આંતરસુબા, ઉત્કંઠેશ્વર મહાદેવ, બોભા ચોકડી, તેલનાર થઈ નિરમાલી તરફ જઈ શકાશે.
- નાના વાહનો- કપડવંજ થી ભુંગળીયા પાટીયા, જામાજીના મુવાડા, બેટાવાડા થઈ નિરમાલી તરફ જઈ શકાશે.
- નાના વાહનો- કપડવંજ થી શેલગઢ, રૂપજીના મુવાડા, મોતીપુરા, રોજાવાડા, રાજાજીના મુવાડા, દાસજીના મુવાડા પાટીયા થઈ નિરમાલી તરફ જઈ શકાશે.

૨) નિરમાલી થી બેટાવાડા, નવાગામ થઈ કપડવંજ તરફ આવતો તમામ વાહન વ્યવહાર:-

- મોટા વાહનો- નિરમાલી થી આબવેલ, મોટીઝેર, નાનીઝેર, ઝંડા, વ્યાસવાસણા, કલાજીના મુવાડા થઈ કપડવંજ તરફ જઈ શકાશે.
- મોટા વાહનો- નિરમાલી થી તેલનાર, બોભા ચોકડી, ઉત્કંઠેશ્વર મહાદેવ, આંતરસુબા થઈ કપડવંજ તરફ જઈ શકાશે.
- નાના વાહનો- નિરમાલી થી બેટાવાડા પાટીયા, જામાજીના મુવાડા, ભુંગળીયા પાટીયા થઈ કપડવંજ તરફ જઈ શકાશે. નાના વાહનો- નિરમાલી થી દારાજીના મુવાડા પાટીયા, રાજાજીના મુવાડા, રોજાવાડા, મોતીપુરા, રૂપજીના મુવાડા, શેલગઢ થઈ કપડવંજ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ (સ્ટેટ) દ્વારા કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૧૦/૦૭/૨૦૨૫.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.09.22 16:15:26 IST